(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ર૯૪/ર૦ર૬**
**આંક:– ર૦**
**શરૂ–૦પ:૩૬, પુર્ણ–૦૬:૦ર**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.*       )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– રાજુભાઈ | પિતા/પતિનું નામ:– વિનોદભાઈ વીરમગામીયા |
| | ઉ.વ.:– ર૩ |
| ધંધો:– મજુરી | સરનામુ:– પંચમુખી ઢોરે, હળવદ, જી.મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું ત્રણ સાડા ત્રણ મહીના પહેલા રણજીતગઢ ગામના પાટીયા પાસેથી નીકળેલ ત્યારે પોલીસે મને સાત લાખ રૂપીયાની હરીદર્શન હોટલની પાછળ કેનાલથી આગળ ચોરી થયેલ તેનુ પંચનામુ કરવા બોલાવેલ. પોલીસનો મને ફોન આવેલો જેથી અમે રણજીતગઢ ગામના પાટીયા પાસે ગયેલા. ત્યાં પોલીસે આરોપી રાહુલ તથા એક ભરવાડને પકડેલ હતા. ત્યાં આઈ ટવેન્ટી કાર હતી તે રાહુલ ચલાવતો હતો અને ભરવાડ બાજુમા બેઠેલ હતા. આ આઈ ટવેન્ટી ગાડીનો નંબર જીજે–ર૭–એએચ–ર૪૪૦ હતો અને આ ગાડી સફેદ કલરની હતી અને પોલીસે ગાડીની તપાસ કરતા કાળો થેલો મળી આવેલ અને તે થેલામાંથી દોઢ લાખની આસપાસની રકમ મળી આવેલ. પોલીસે આ રૂપીયા તથા ગાડી કબજે કરેલા અને સમય રાત્રે આઠ વાગ્યાના આસપાસનો હતો અને ત્યારબાદ આરોપીઓ તથા મુદામાલ લઈને પોલીસ સ્ટેશને આવેલા અને પોલીસે પંચનામામા સહી લીધેલી. મને અસલ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–ર તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જે પંચનામુ રજુ દાખલ **આંક–ર૧.** આરોપીઓને જોયેથી ઓળખુ છુ, આજરોજ કોર્ટમા હાજર છે.

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

આરોપીઓને કોર્ટ રૂબરૂ ઉભા કરી નામ પુછતા પોતાનુ નામ રાહુલ વિજયભાઈ હળવદીયા અને કીશન મોતીભાઈ પરસાડીયા હોવાનુ જણાવે છે.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી**

(૨) મને પોલીસે ફોન કરીને બોલાવેલ. મને ફોન કોણે કરેલો તે અત્યારે યાદ નથી.

સવાલ:- પોલીસે પંચનામુ લખી લીધેલુ અને પછી તેમા તમારી સહી લીધેલી?

જવાબ:- રણજીતગઢના પાટીયા પાસે આરોપીઓની અટકાયત કરેલી અને પંચનામાનો વિડીયો ઉતારેલો અને પૈસા અને ગાડી કબજે કરી હળવદ પોલીસ સ્ટેશન લાવેલા અને ત્યાં મે સહી કરેલી.

મને પોલીસે કયા નંબરમાંથી ફોન કરેલો તે મને યાદ નથી. એ વાત ખરી છે કે હું હળવદનો છુ. હું આ કામના ફરીયાદીને જોયેથી ઓળખુ છુ. હું આરોપીઓને પંચનામા અગાઉ કયારેય મળ્યો નથી.

સવાલ:- આરોપીઓના નામ પહેલેથી ખબર હતી કે કોઈએ તમને જાણકારી આપી?

જવાબ:- મારા ફોઈના છોકરાનુ નામ રાહુલ છે અને તેને હાલનો આરોપી સમજી પોલીસે ઉપાડી લીધેલો તેથી મને આરોપી રાહુલનું નામ યાદ છે અને બીજા આરોપીનું નામ ભરવાડ છે.

એ વાત ખરી છે કે મારો ફોઈનો દિકરો રાહુલ અને પીંગળા તરીકે ઓળખાય છે અને તેની અટક પણ દેવીપુજક છે. એ વાત ખરી છે કે આ કામમા પહેલા મારા ફોઈના દિકરા રાહુલને પકડેલો.

સવાલ:- તમે બોલતા ગયા હોય અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલ નથી?

જવાબ:- વિડીયો ઉતારતા હતા તેની મને ખબર છે પરંતુ શુ લખેલુ તેની ખબર નથી.

સવાલ:- પોલીસે પંચનામુ લખી લીધેલુ અને તમારી માત્ર તેમા સહી લીધેલી?

જવાબ:- વિડીયો ઉતારતા હતા તેની મને ખબર છે પરંતુ શુ લખેલુ તેની ખબર નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:- હળવદ.**

**તારીખ:- ૨૫/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*